# અમેરિકા-જાપાનના સ્ટુડન્ટસ પોતાના દેશમાં ભારતનો ભવ્ય વારસો રજૂ કરશે

## IIT-Gnમાં 'ઈન્ડિયા કી ખોજ પ્રોગ્રામ'માં વિદેશી સ્ટુડન્ટસ માટે કાર્યક્રમ

### Musical Program

સિટી રિપોર્ટર | અમદાવાદ

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી(આઈઆઈટી) ગાંધીનગરના દ્વારા ભારતના વૈવિધ્યનો એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓને સ્પર્શ કરાવવા માટે 'ઈન્ડિયા કી ખોજ પ્રોગ્રામ શરૂ કરાયો છે. આ પ્રોગ્રામમાં ભાગ લેવા માટે આવેલા અમેરિકા અને જાપાનના વિદેશી સ્ટુડન્ટસને ઈન્ડિયન ક્લાસિકલ મ્યુઝિક અને નૃત્ય વિશે જાણકારી આપવા માટે આઈઆઈટી ખાતે 'ક્લાસિકલ મ્યુઝિકલ ઝલસા'નું આયોજન થયું હતું.

### અડાલજની વાવ-સરખેજ રોઝાની મુલાકાત લીધી



અડાલજની વાવ અને સરખેજ રોઝાની સ્ટુડન્ટસે મુલાકાતમાં ભારતમાં અન્ય કઈ સંસ્કૃતિઓ સાથે જોડાણ ધરાવે છે તેની માહિતી મેળવી હતી. મુગલકાળના સ્થાપ્ત્યોથી વિદેશી સ્ટુડન્ટસ ખૂબ જ પ્રભાવિત થયા હતા. ઉપરાંત વાવના સ્ટ્રક્ચર અને મેકિંગ પ્રોસેસ વિશે ગાઈડ પાસેથી ડિપમાં નોલેજ મેળવ્યું હતું.

### માણ્યો ભારતીય ક્લાસિકલ ડાન્સ



અમેરિકા અને જાપાનના સ્ટુડન્ટસ પ્રોગ્રામ દરમિયાન ભારત વિશે જાણેલું અને અનુભવેલું પોતાના દેશમાં પણ સ્પ્રેડ કરશે. આ સાથે સિટીના જોવા લાયક સ્થળોની માહિતી આપશે.

**Title:** America's students of Japan staged a grand legacy of India in their own country
**Source:** Divyabhaskar ( Citybhaskar; Pg. No. 1)
**Date**: 20-12-2017